



# કેન્યામાં ભારે વરસાદ પછી પૂર: વ્યાપક નુકસાન

આફ્રિકન દેશ કેન્યાની મચાકોસ કાઉન્ટિમાં ભારે વરસાદ પડ્યા પછી અથી નદી બે કાંઠા તોડીને વહેવા માંડતા અનેક વિસ્તારોમાં મોટા પૂરની સ્થિતિ સર્જાઇ હતી અને ભારે વરસાદ તથા પૂરને કારણે અનેક મકાનોને મોટુ નુકસાન થયું હતું. રાજધાની નાઇરોબીના વિસ્તારોમાં પણ પૂરના પાણી ઘૂસી ગયા હતા. મથારે ખીણની વસાહતમાં વ્યાપક નુકસાન થયું હોવાનું જાણવા મળે છે. કેટલાક વિસ્તારોમાં તો રહીશો પૂરના પાણીમાં તણાઇ ગયેલી પોતાની ચીજવસ્તુઓ તેમના ઘરની આજુબાજુ ભરાયેલા કાદવીયા પાણીમાં શોધી રહેલા જોઇ શકાતું હતું.



## બિહાર: પટણાની હોટલમાં આગ લાગતાં છ લોકોનાં મોત

પટણા, તા. 25 (પીટીઆઈ): પટણામાં રેલવે સ્ટેશનની નજીક આવેલી એક હોટલમાં ગુરુવારે લાગેલી મોટી આગમાં ત્રણ મહિલાઓ સહિત છ લોકોનાં મોત થયાં હતાં. એમ પોલીસે જણાવ્યું હતું.

પટણાના એસપી (સિટી સેન્ટ્રલ), ચંદ્ર પ્રકાશના જણાવ્યા અનુસાર, પટણા જંક્શન પાસેની હોટલમાં બચાવ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જ્યાં સવારે 11 વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી, જેમાં 20થી વધુ લોકો અંદર ફસાયા હતા.

પ્રકાશે પત્રકારોને જણાવ્યું હતું કે, "મૃતકોમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે. વધુમાં ગંભીર રીતે દાઝી ગયેલી બે વ્યક્તિઓની હાલત ગંભીર છે અને તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે."

પોલીસ મૃતક અને ગંભીર રીતે ઘાયલ વ્યક્તિઓની ઓળખ મેળવવાનો પ્રયાસ કરી રહી છે જેથી તેમના પરિવારજનોને જાણ કરી શકાય. એમ એસપીએ જણાવ્યું હતું.

એસપીએ ઉમેર્યું હતું કે,"અમે આગ લાગવાનું કારણ જાણી શક્યા નથી. ફોરેન્સિક નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા છે અને તેમના તારણોના આધારે અમે આગળની કાર્યવાહી કરીશું."

દરમિયાન, જિલ્લા મેજિસ્ટ્રેટ શિરસાટ કપિલ અશોકે જણાવ્યું હતું કે, "તમામ હોટલ અને અન્ય વ્યાપારી સંસ્થાઓ, ખાસ કરીને પટણા જંક્શનની નજીકના ભીડભાડવાળા વિસ્તારોમાં સ્થિત ફાયર ઓડિટનો આદેશ આપવામાં આવ્યો છે. અમે ફાયર સેફ્ટીના નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરીશું."

## યુકેમાં નાસી ગયેલા બે લશ્કરી ઘોડાની સર્જરી કરાઇ, સૈનિકો સ્વસ્થ થયા

લંડન, તા. 25 (પીટીઆઈ): બ્રિટિશ આર્મીએ ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નિયમિત કવાયત દરમિયાન સેન્ટ્રલ લંડનની શેરીઓમાં અફડાતફડી મચાવનાર સવારી વિનાના ચારમાંથી બે ઘોડાઓની સર્જરી કરવામાં આવી છે, પરંતુ સમયસર તેઓ સાજા થઈ જાય તેવી અપેક્ષા છે.

ભારતના હાઈ કમિશન અને વેસ્ટ એન્ડ થિયેટર ડિસ્ટ્રિક્ટ નજીક એલ્ડવિચની બાજુમાં લોહીથી લથપથ ઘોડાની સાથે બીજો ઘોડો રસ્તાઓ પર નાસભાગ કરતાં દૃશ્યો બુધવારે સોશિયલ મીડિયા પર વ્યાપકપણે શેર કરવામાં આવ્યા હતા જ્યારે ઘોડાઓ કાર અને પ્રવાસી બસ સાથે અથડાયા હતા.

આર્મીએ જણાવ્યું હતું કે, ત્રણ સૈનિકો જ્યારે તેમના ઘોડાઓ પર સવાર હતા ત્યારે ઘાયલ થયા હતા હવે તેઓ સ્વસ્થ થઈ રહ્યા છે.

આર્મી નિવેદનમાં જણાવ્યું હતું કે, "જે સાત ઘોડાઓ ભયભીત થઈ ગયા હતા, તેમાંથી પાંચ ઘોડાએ નાસી જવાનો પ્રયાસ કર્યો હતો અને ચાર - વિડા, ટ્રોજન, ક્વેકર અને ટેનીસન - છૂટા પડી ગયા હતા. ઈજાગ્રસ્ત ઘોડાઓમાંથી બેનું ગઈ કાલે બુધવારે રાત્રે ઓપરેશન કરવામાં આવ્યું હતું, જેમાં એકને ઘોડાઓની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાકીના બધા ઘોડાઓ પર નજીકથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે."

સંરક્ષણ મંત્રાલય (એમઓડી) અનુસાર, ક્વેકર ઘોડો હજી પણ હોસ્પિટલમાં છે.




## હવે વેનિસમાં પ્રવેશવા માટે ફી આપવી પડશે

વેનિસ(ઇટાલી), તા. ૨૫: ઈટાલીના વિશ્વ પ્રસિદ્ધ લગૂન સિટી વેનિસમાં પ્રવેશવા માટે હવે પર્યટકોએ એક દિવસ માટે પાંચ યુરો(૪.૩૦ પાઉન્ડ)ની ફી ભરવી પડશે. જો કે આની સામે સ્થાનિક લોકો ટીકા કરી રહ્યા છે.

જલનગરી વેનિસમાં પ્રવેશવા માટે હવે ફી ભરવી પડશે. આ શહેરને વધારે પડતા પર્યટકોના ધસારાથી બચાવવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે ટીકાકારો કહે છે કે આમ કરીને સત્તાવાળાઓએ આ શહેરને અક થિમપાર્ક બનાવી દીધું છે. સ્થાનિક રહેવાસીઓની સમિતિઓ અને મંડળોએ આજે અનેક સ્થળે વિરોધ પ્રદર્શનો કરવાનું આયોજન કર્યું હતું. તેઓ કહે છે કે આવી ફી વસૂલવાથી મુદ્દા ઉકેલાશે નહીં. શેરીઓ વચ્ચેના જલમાર્ગોથી જાણીતા આ શહેરમાં પર્યટકોનો ધસારો ખૂબ વધી જતા તેના ઘણા રહેવાસીઓ આ શહેર છોડી બીજે જતા રહેતા તેની વસ્તી ઘણી ઘટી ગઈ છે.

## તિબેટની દેશવટો ભોગવતી સરકાર ચીન સાથે બેક-ચેનલ મંત્રણા યોજી રહી છે

**ભારતમાંથી** ચલાવાતી આ સરકારનું પ્રતિનિધિમંડળ અવિધિસરની વાટાઘાટો માટે બૈજીંગ ગયું છે

**વિધિવત** વાટાઘાટો પણ શરૂ થઇ શકે તેવો સંકેત

ધરમશાલા, તા. ૨૫(પીટીઆઈ): તિબેટની સ્વૈચ્છિક દેશવટો ભોગવતી સરકાર અને ચીન પાછલે બારણે મંત્રણા યોજી છે, જેમાં બંને પક્ષો તેમની વિધિવત મંત્રણા પ્રકિયા તિબેટમાં ચીન વિરોધી પ્રદર્શનો અને આ બૌદ્ધ દેશ પ્રત્યે બૈજિંગના સખત અભિગમ પછી અટકી ગઇ તેના દાયકાઓ પછી ફરી વાટાઘાટો શરૂ કરવા માટેનો સંકેત બતાવી રહ્યા છે.

તિબેટની ગવર્મેન્ટ ઈન એક્ઝાઈલના રાજકીય વડા પેન્પા સેરિંગે એ વાતને સમર્થન આપ્યું હતું કે તેઓ અવિધિસરની મંત્રણાઓ યોજી રહ્યા છે અને જણાવ્યું હતું કે તેમના વિષ્ટિકારો બૈજિંગના લોકો સાથે વાટાઘાટો કરી રહ્યા છે પણ આમાં આગેકૂચ થવાની તત્કાળ કોઈ અપેક્ષા નથી. અમારી ગયા વર્ષથી બેક-ચેનલ મંત્રણા ચાલી રહી છે પણ અમને તેની પાસેથી કોઈ તત્કાળ અપેક્ષાઓ નથી એમ સેરિંગે પત્રકારોના એક નાના જૂથને જણાવ્યું હતું , અને એ વાત પર ભાર આપ્યો હતો કે મંત્રણાઓ ઘણી અવિધિસરની છે. અન્ય એક વરિષ્ઠ તિબેટિયન નેતાએ જણાવ્યું હતું કે બેક-ચેનલ મંત્રણાઓનો હેતું ઓવરઓલ મંત્રણાની પ્રક્રિયાને ફરી શરૂ કરવાનો છે કારણ કે તિબેટનો મુદ્દો ઉકેલવા માટે તે જ એક માર્ગ છે. આ જ સમયે સેરિંગે તિબેટિયન હેતુ માટે ભારત તરફથી વધુ ટેકા માટે હિમાયત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ચીનના આક્રમણ પછી ભારતમાં રાજ્યાશ્રય લઈને વસતા તિબેટિયનોના સર્વોચ્ચ આધ્યાત્મિક ગુરુ દલાઇ લામાના પ્રતિનિધીઓ અને ચીની સરકાર વચ્ચે વર્ષ ૨૦૦૨થી ૨૦૧૦ સુધીમાં મંત્રણાના નવ રાઉન્ડ યોજાયા હતા પણ તેનું કોઈ નક્કર પરિણામ આવ્યું ન હતું. ત્યારથી કોઈ વિધિવત મંત્રણા યોજાઈ નથી.

## સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કેસ: મુંબઈ પોલીસે પંજાબમાં બે લોકોની ધરપકડ કરી

મુંબઈ, તા. 25 (પીટીઆઈ): મુંબઈ પોલીસે ગુરુવારે મહાનગરમાં બાંદ્રામાં અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર તાજેતરના ગોળીબારના સંબંધમાં પંજાબમાં બે લોકોની ધરપકડ કરી હતી. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, સુભાષ ચંદર (37) અને અનુજ થાપન (32)એ 15 માર્ચે શૂટરોને શસ્ત્રો અને કારતૂસ આપ્યા હતા.

બંનેની ઉત્તર પંજાબમાંથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે ધરપકડ કરી હતી અને તેમને મુંબઈ લઈ જવામાં આવ્યા હતા. એમ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, "બન્ને આરોપીઓને શુક્રવારે અહીંની કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ચંદર અને થાપન 15 માર્ચે પનવેલ (મુંબઈ નજીક રાયગઢ જિલ્લામાં) બે દેશી બનાવટની પિસ્તોલ અને 38 જીવંત રાઉન્ડ શૂટરોને આપવા માટે આવ્યા હતા."અધિકારીએ ઉમેર્યું હતું કે, "ચંદર અને થાપન ધરપકડ કરાયેલા શૂટર્સ સાગર પાલ (21) અને વિકી ગુપ્તા (24) સાથે નીકળતા પહેલા ત્રણ કલાક સુધી પનવેલમાં રોકાયા હતા. પિસ્તોલ સોંપતા પહેલા ચંદર અને થાપને હથિયાર કામ કરી રહ્યું છે કે કેમ એ તપાસવા માટે તેમની 40 ગોળીઓના સ્ટોકમાંથી બે રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું."

પેજ3

## સટ્ટાબાજીની એપ પર આઈપીએલ સ્ટ્રીમિંગ: મહારાષ્ટ્ર સાયબર સેલે અભિનેત્રી તમન્ના ભાટિયાને સમન્સ પાઠવ્યા



મુંબઈ, તા. 25 (પીટીઆઈ) : મહારાષ્ટ્ર સાયબર સેલે મહાદેવ ઓનલાઈન ગેમિંગ અને સટ્ટાબાજીની એપ્લિકેશનની એક સહાયક એપ પર આઈપીએલ મેચ જોવાના કથિત પ્રચારના સંબંધમાં અભિનેત્રી તમન્ના ભાટિયાને સમન્સ પાઠવ્યા છે. એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, અભિનેત્રીને 29 એપ્રિલે મહારાષ્ટ્ર સાયબર કર્મચારીઓ સમક્ષ હાજર થવા માટે કહેવામાં આવ્યું છે.

ભાટિયાને મહારાષ્ટ્ર સાયબર સેલ દ્વારા ફેરપ્લે સટ્ટાબાજીની એપ પર ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની મેચ જોવાને કથિત રીતે પ્રોત્સાહન આપવાના આરોપમાં સમન્સ મોકલવામાં આવ્યા છે. એમ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીઓએ આ સંબંધમાં ફરિયાદને ટાંકીને જણાવ્યું હતું કે, 2023માં આઈપીએલની કેટલીક મેચો પણ એપ પર ગેરકાયદે સ્ટ્રીમ કરવામાં આવી હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ કેસમાં સાક્ષી તરીકે 34 વર્ષીય અભિનેત્રીને તેનું નિવેદન નોંધવા માટે બોલાવવામાં આવી છે.

## સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કેસ: પોલીસે આંતરરાષ્ટ્રીય લિંકનો દાવો કર્યો



મુંબઈ, તા. 25 એપ્રિલ (પીટીઆઈ): મુંબઈ પોલીસે ગુરુવારે અહીંની એક કોર્ટને જણાવ્યું હતું કે, બોલીવુડ અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર તાજેતરના ગોળીબારમાં આંતરરાષ્ટ્રીય કનેક્શન હોવાની સંભાવના છે.

આ કેસની તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાન્ચનો દાવો ત્યારે આવ્યો જ્યારે તેણે આ કેસમાં બે આરોપીઓના વધુ રિમાન્ડની માગણી કરી. કોર્ટે બંને આરોપીની કસ્ટડી 29 એપ્રિલ સુધી લંબાવી છે. વિકી ગુપ્તા (24) અને સાગર પાલ (21), બંને બિહારના રહેવાસીઓને ગુરુવારે અગાઉના રિમાન્ડના અંતે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ માટે તેમની કસ્ટડી ચાર દિવસ લંબાવવાની માંગ કરી હતી. અગાઉની કસ્ટડી દરમિયાન કોર્ટને કહેવામાં આવ્યું હતું કે, આરોપી બંનેના કહેવા પર હથિયારો, કારતૂસ અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યાં હતાં.

પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે, આરોપીઓ પાસે 40 કારતૂસ હતા જેમાંથી બેનો ઉપયોગ હથિયારની તપાસ માટે કરવામાં આવ્યો હતો, જ્યારે પાંચ કારતૂસનો ઉપયોગ શહેરમાં અભિનેતાના નિવાસસ્થાને ફાયરિંગ કરતી વખતે કર્યો હતો. તેમની પાસેથી 17 કારતૂસ મળી આવ્યા છે અને બાકીના હજી મળ્યા નથી. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે કહ્યું કે, તેઓ જાણવા માગે છે કે આરોપીઓને હથિયારો અને આર્થિક મદદ કોણે આપી હતી. આરોપીઓના મોબાઈલ ફોનમાંથી મોટી ટેક્નિકલ માહિતી મળી આવી છે અને તેનું વિશ્લેષણ માત્ર આરોપીઓની હાજરીમાં જ શક્ય છે. જેનાથી આરોપીઓની કસ્ટડી લંબાવવાનો કેસ બને છે. પોલીસે દાવો કર્યો હતો કે, આ ગુનામાં આંતરરાષ્ટ્રીય કનેક્શન હોવાની શક્યતા છે.